૬૮૨

**જીસ્વાનથી**

ક્રમાંકઃ સી-૧/૨૬૨/ઓનપેમેન્ટબંદોબસ્તબાકીનાણાં/ /૦૯
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજય,**
**પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**
તા. ૪ /૧૧/૨૦૦૯

**વિષયઃ** ઓન પેમેન્ટ એસ.આર.પી. અને પોલીસ બંદોબસ્તના બાકી નાણાંની વસૂલાત બાબત.

**હવાલોઃ** (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ ના અ.સ. પત્ર ક્રમાંકઃ મઉમશબ/પોલીસગાર્ડબીલો/ક/૩૦૭૮, તા. ૨૮-૧૦-૨૦૦૯

(૨) અધિક પો.મહા.શ્રી હથિયારી એકમોના પત્ર ક્રમાંકઃ ગ-૧/ઓનપેમેન્ટ/ગુઉવિનિ/૦૯/૩૯૧૦, તા. ૧-૧૦-૦૯

(૩) સેનાપતિશ્રી, રા.અ.પો.દળ, જૂથ-૧૫, ઓ.એન.જી.સી. મહેસાણાના પત્ર ક્રમાંકઃ એબી-૧/ખર્ચપત્રક/૩૩૧૨/૦૯, તા. ૨૩-૧૦-૦૯

**<u>સ્થાયી હુકમ નં.૧૦/૦૯</u>**

પોલીસ ખાતા તરફથી કેટલીક સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓને તેમજ ખાનગી સંસ્થાઓને તેમની કાયદેસરની જરૂરીયાતો પૂરી પાડવા માટે એસ.આર.પી. અને પોલીસ ફોર્સ ઓનપેમેન્ટ આપવાની નિયમોમાં જોગવાઇ છે અને તે મુજબ અત્રેની કચેરીમાંથી એસ.આર.પી. બંદોબસ્ત અંગેના હુકમો થાય છે તેમજ પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીઓ તરફથી તેમના હસ્તકના એસ.આર.પી. અને પોલીસ ફોર્સ ઓનપેમેન્ટ આપવામાં આવે છે.

૨. આ અંગે સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મહક-૧૦૯૮-૮૭૬/સ, તા. ૧-૧૦-૧૯૯૯ થી વસૂલાતના નાણાં અંગેના નિયમોનું સરળીકરણ થયેલ છે. તેમ છતાં જોવામાં આવેલ છે કે કેટલાક એસ.આર.પી. એકમો અને જીલ્લા/શહેર એકમો તરફથી વસૂલાત કરવામાં આવતી નથી. મોટાભાગે બંદોબસ્ત મેળવનાર એજન્સી પેમેન્ટ આપવા માટે તત્પર રહે છે તેમ છતાં પોલીસ અમલદારોની અક્ષમ્ય બેદરકારી અને નિષ્કાળજીના લીધે બિલો બનાવવામાં આવતા નથી અને મોકલવામાં આવતા નથી.

૩. અત્રેની કચેરીમાં આ અંગે એસ.આર.પી. યુનિટો પાસેથી માહિતી મંગાવતાં માત્ર એસ.આર.પી. કંપનીઓ ઓનપેમેન્ટ આપવામાં આવેલ તેના નાણાં ઓ.એન.જી.સી. ના રૂ. ૧ કરોડ ૨૬ લાખ, જી.ઇ.બી. ના રૂ. ૧ કરોડ અને બીજા રાજયોને આપેલ એસ.આર.પી. બંદોબસ્તના રૂ. ૫ કરોડ, રીલાયન્સના આશરે કુલ રૂ. ૩ કરોડ, એસ્સારના આશરે કુલ રૂ. ૨૫ લાખ, નિરમાના આશરે કુલ રૂ. ૫૧ લાખ બાકી છે અને મોટાભાગના કેસોમાં બિલો બનાવીને પણ મોકલવામાં આવેલ નથી.

૪. માધ્યમિક શિક્ષણ બોર્ડને આપેલ પોલીસ ગાર્ડ બંદોબસ્તના આશરે રૂ. ૮ કરોડ બાકી છે. અર્ધસરકારી સંસ્થાઓને આપેલ બંદોબસ્તના નાણાં વસૂલ કરવાની રાજય સરકારની નીતિ છે, કેમ કે તે સિવાયના આપેલ પોલીસ બંદોબસ્તનો ખર્ચ hidden

subsidy ગણાય છે અને તેથી આવી અર્ધસરકારી સંસ્થા/બોર્ડ/નિગમના નફા/નુકશાનની સાચી તસ્વીર સરકાર અને પ્રજા સમક્ષ રજૂ થતી નથી.

૫. આ ઉપરાંત નગરપાલિકા, મહાનગરપાલિકા, ઇન્કમટેક્ષ વિભાગ, એરપોર્ટ સિકયુરીટી, ક્રિકેટમેચ બંદોબસ્ત, પાણી પૂરવઠા બોર્ડ, બેન્ક, એન.સી.સી. ગાર્ડ વગેરેના નાણાં પણ બાકી છે.

૬. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: જી-૧/એસસીઆર/(સુXવ્ય)/ઇન્કમટેક્ષ/સર્ચ કામગીરી/૫૦૮/૦૭, તા. ૬-૧૦-૨૦૦૭ થી ઇન્કમટેક્ષ વિભાગના અમલદારોની રજૂઆત ઉપરથી તમામ શહેર અને જીલ્લાઓને સૂચના આપવામાં આવેલ કે ઇન્કમટેક્ષ વિભાગને ઇન્કમટેક્ષ એકટની કલમ ૧૩૨ મુજબ સર્ચ અને સિઝર કાર્યવાહી માટે પોલીસ બંદોબસ્ત આપવામાં આવે છે. જેથી કાયદાકીય જોગવાઇ મુજબ આપવામાં આવતી હોય, બંદોબસ્તના નાણાં વસૂલાત કરવાના રહેતા નથી. ઇન્કમટેક્ષ એકટની ઉપરોકત જોગવાઇ મુજબ સર્ચ અને સિઝરની કામગીરી માટે સેન્ટ્રલ ફોર્સ, સેન્ટ્રલ સરકારી કર્મચારી અને રાજયના પોલીસ કર્મચારીઓ ઉપલબ્ધ હોય તો રીકવીઝીશન કરવાની જોગવાઇ છે. મફત રીકવીઝીશન કરવાની જોગવાઇ નથી અને આવી કોઇપણ જોગવાઇ કોઇપણ કાયદામાં હોતી નથી. સરકારમાન્ય દરે ફરજીયાત સેવાઓ લઇ શકાય પણ વગર પેમેન્ટ લઇ શકાય નહિ. રીકવીઝીશનની આવી જોગવાઇઓ અન્ય કાયદાઓમાં પણ છે જે મુજબ કાયદો અને વ્યવસ્થા, ચૂંટણી વગેરે વખતે રેવન્યુ અને પોલીસ અમલદારો પણ માણસો અને વાહનોની સેવાઓ પેમેન્ટના ધોરણે રીકવીઝીશન કરે છે. જેથી ઉપરોક્ત પરિપત્ર ખોટા અર્થઘટન આધારે થયેલ હોઇ રદ કરવામાં આવે છે અને ઇન્કમટેક્ષ વિભાગ પાસેથી બંદોબસ્તના નાણા વસૂલાત કરવા હુકમ કરવામાં આવે છે.

૭. વધુમાં જણાવવાનું કે હાલમાં ઇન્કમટેક્ષ વિભાગ તરફથી સર્વે જેવી સામાન્ય કામગીરી માટે પણ સામાન્ય વિસ્તારો માટે પોલીસ ફોર્સની માંગણી કરવામાં આવે છે. ઇન્કમટેક્ષ એકટની કલમ ૧૩૨ મુજબ સર્ચ અને સિઝરની કાર્યવાહી માટે પોલીસ ફોર્સનું રીકવીઝીશન કરી શકાય છે. સર્વે માટે આવી કોઇ જોગવાઇ ઇન્કમટેક્ષ એકટમાં કરવામાં આવેલ નથી. તેમ છતાં સ્થાનિક સંજોગો પ્રમાણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જોતાં અને વિસ્તારની સંવેદનશીલતા જોતાં ખરેખર જરૂર હોય તો સર્વે માટે પણ પોલીસ ફોર્સ આપવા માટે પોલીસ કમિશનર/પોલીસ અધીક્ષકશ્રી યોગ્ય નિર્ણય લેશે.

૮. માત્ર રાજય સરકારના સરકારી ખાતાઓને ચાર્જ વગર પોલીસ ફોર્સ ઉપલબ્ધ હોય તો જરૂરીયાત મુજબ પોલીસ ફોર્સ આપવાની નિયમોમાં જોગવાઇ છે. અર્ધસરકારી ખાતા દા.ત. પાણી પૂરવઠા બોર્ડ, માધ્યમિક શિક્ષણ બોર્ડ કે કેન્દ્ર સરકાર કે અન્ય રાજય સરકારોના ખાતાઓ, પાસેથી બંદોબસ્તના નાણાં વસૂલાત કરવાના રહે છે.

૯. પોલીસ કમિશનર/પોલીસ અધીક્ષકશ્રી જયારે પણ એસ.આર.પી. બંદોબસ્ત ઓનપેમેન્ટ આપે તો તેમણે હુકમની નકલ સબંધકર્તા સેનાપતિશ્રી અને અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો) ને બિનચૂક આપવાની રહેશે કે જેથી ત્યાંથી બિલો બનાવીને એસ.આર.પી. બંદોબસ્તના નાણાં સેનાપતિશ્રીઓ વસૂલાત કરી શકે. અન્ય જિલ્લાના ફોર્સને ઓન પેમેન્ટ બંદોબસ્તમાં આપવામાં આવે. દા. ત. ક્રિકેટ મેચ બંદોબસ્તમાં, ત્યારે પણ સરખી કાર્યવાહી કરવી.

૧૦. એસ.આર.પી./ અન્ય જીલ્લાના પોલીસ ફોર્સના માણસોનો બંદોબસ્ત ઓનપેમેન્ટ આપવામાં આવે તો સબંધકર્તા માણસોના ઉપાડ અને ચૂકવણા અધિકારી બિલો તૈયાર

કરાવી સમયસર મોકલી પેમેન્ટ મેળવી શકે તે માટે બંદોબસ્તનો હુકમ કરનાર યુનિટો જરૂરી સહકાર આપશે અને સંકલન કરશે.

૧૧. હવે પછી જોવામાં આવશે કે ફક્ત બિલો નહિ મોકલવાથી અથવા વસૂલાતમાં ઢીલાશ વર્તવાથી સરકારશ્રીના લાખો-કરોડોના નાણાંની વસૂલાત વર્ષો સુધી કરવામાં આવતી નથી તો સબંધકર્તા પોલીસ અધીક્ષક/નાયબ પોલીસ કમિશનર(વહીવટ)/સેનાપતિશ્રી અને સબંધકર્તા ઉપાડ અને ચૂકવણા અધિકારીને કેસની ગુણવત્તા જોઇ ફરજમોકૂફ કરી/કરાવી ખાતાકીય પગલાં શરૂ કરવા માટે તજવીજ કરવામાં આવશે. જેથી આ અંગે ભવિષ્ય માટે ગંભીર નોંધ લેશો અને હાલમાં વસૂલાત કરવાના પેન્ડીંગ તમામ નાણાંની વસૂલાત **તા. ૩૧/૧૨/૨૦૦૯ સુધીમાં** પૂર્ણ કરીને રીપોર્ટ કરશો. આજની તારીખ સુધીમાં જે નાણાં વસૂલાત માટે પેન્ડીંગ છે તેની વસૂલાત **તા. ૩૧/૧૨/૨૦૦૯ સુધી** નહિ થાય તો પોલીસ કમિશનર/ રેન્જવડા/ અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો) જરૂરી ઇન્કવાયરીના હુકમો કરી અત્રે રીપોર્ટ કરવા નોંધ રાખે તેવી સૂચના આપવામાં આવે છે.

સહી/

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)
- તમામ સેનાપતિશ્રીઓ

**નકલ સવિનય રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ), ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના (જાણ સારૂ):**

- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી /જી-૧/ એસસીઆર/ હિસાબી શાખા.

૨/- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

**(સુધીર સિન્હા)**
ઇન્ચાર્જ અધિક પોલીસ મહાનિદેશક
(વહીવટ), ગુ. રા., ગાંધીનગર
5.11.09